# ભાસના રૂપકોમાં નિર્દિષ્ટ શિક્ષાનું પારિવારિક, સામાજિક અને વ્યક્તિગત જીવનમાં મહત્ત્વ

આશિયાનાબાનુ એ શેખ
પી. એચ. ડી. સ્કોલર.
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી. વિંઝોલ. ગોધરા.

ભારત વિભિન્ન ભાષાઓનો દેશ છે દરેક ભાષાનું સાહિત્ય ખૂબ સમૃદ્ધ છે. દરેક ભાષાઓમાં ઘણા અંશે વ્યવહારિક, નીતિવિષયક, જીવન ઉપયોગી, જીવન વ્યાપન અને વ્યવસ્થાપન વિષયક શિક્ષાનું નિરૂપણ કરતા સાહિત્યિક ગ્રંથો ઉપલબ્ધ છે. જે મનુષ્ય જીવનના દરેક તબક્કે ઉપયોગી છે એમાં સંસ્કૃત સાહિત્યની તો વાત જ નિરાલી છે વૈદિક સાહિત્યથી લઈને આધુનિક સમય સુધીનું સંસ્કૃત સાહિત્ય છે તેમાં વિવિધ પ્રકારની શિક્ષાનુ નિરૂપણ જોવા મળે છે. સમગ્ર વૈદિક વાંગમય, પુરાણ સાહિત્ય, ધર્મશાસ્ત્ર, પ્રશિષ્ટ સાહિત્ય તથા દરેકના ગદ્ય, પદ્ય તેમજ રૂપક સાહિત્યમાં શિક્ષણના માધ્યમ દ્વારા જીવન યાપન કળાનું અનોખું મહત્વ છે.

સંસ્કૃત નાટકો એટલે કે રૂપકો મોટેભાગે શૃંગાર પ્રધાન છે તેમ છતાં તેમાં લગભગ દરેક નાટકમાં કોઈને કોઈ શિક્ષાનો ઉલ્લેખ છે જ શિક્ષાનો વ્યાપક અર્થ કરીએ તો માત્ર ગ્રંથોનું અધ્યયન જ શિક્ષણ નથી પરંતુ શિક્ષા એટલે કે મનુષ્યને વ્યક્તિગત, પારિવારિક અને વ્યવસાયિક જીવનને ઉન્નતિના શિખર સુધી લઈ જાય તે શિક્ષા છે. ગ્રંથો દ્વારા જે અધ્યયન થયું તેનું વાસ્તવિક જીવનમાં અમલીકરણ થાય તે શિક્ષા છે.

સંસ્કૃત રૂપક સાહિત્યમાં નિર્દિષ્ટ શિક્ષણ મનુષ્ય જીવનને અનેક રીતે ઉપયોગી છે. પારિવારિક, વ્યવસાયિક, વ્યક્તિગત તથા અધ્યાપનની સરળતા માટે તેમજ બાળકોના સારા સંસ્કાર સિંચન માટે શિક્ષા ખૂબ જ ઉપયોગી છે આ પરિસંવાદનો વિષય આજના સમયમાં પણ ઘણો પ્રસ્તુત છે.

સંસ્કૃત રૂપકોમાં શિક્ષાની વાત કરીએ તો ભાસના રૂપકોમાં શિક્ષા કે જેનું પારિવારિક વ્યક્તિગત અને સામાજિક જીવનમાં ઘણું મહત્વ છે તેના વિશે હું આજે વાત કરીશ સ્વપ્ન વાસવદત્તમ નાટક અને પ્રતિજ્ઞા યોગન ધરાયણ આ બંને નાટકોમાં ઘોષવતી વીણા નો ઉલ્લેખ છે જે ઉદયનને વ્યક્તિગત જીવન માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે વીણાવાદન દ્વારા તે મોટા મોટા હાથીઓને વશ કરી શકતો હતો. વીણા વાદનની શિક્ષા તેને વ્યક્તિગત જીવનમાં ખૂબ જ ફળદાય નીવડે છે. આ વીણા વાદન ની શિક્ષાનો જાણકાર હોવાથી વાસવદત્તા તેની શિષ્યા બને છે અને આગળ જતા તેની પત્ની પણ બને છે

આ વીણા જ તે તેના જીવનમાં આવેલી મુશ્કેલી અને સંઘર્ષનો સામનો કરવામાં ઉપયોગી નીવડે છે નાટકના અંતિમ અંકો સુધી તેનું મહત્ત્વ છવાયેલું રહે છે આ નાટકનો મધ્યવર્તી ઉદ્દેશ્ય રાજ્યની પુનઃપ્રાપ્તિ સિદ્ધ થતા નાટકના બીજા ઉદ્દેશ્યની પુનઃપ્રાપ્તિ તરફ ખેંચી જવાનો છે આની યોગ્ય પૂર્વભૂમિકા એટલે ઘોષવતી પ્રસંગ.

તેવી જ રીતે સ્વપ્નવાસવદત્તમ નાટકમાં ચિત્રકલા નો પણ ઉલ્લેખ આવે છે ચિત્રકલા પણ એક પ્રકારની શિક્ષા જ છે વાસવદત્તાના મૂળ સ્વરૂપે પ્રગટીકરણ માટે ચિત્રફલક પ્રસંગ દ્વારા ભાસ સુંદર આલેખન કરે છે નાટકના અંતિમ અંકમાં ઉદયને પોતે ગુમાવેલું રાજ્ય પાછું મેળવ્યું છે તે બાબતના અભિનંદન આપવા માટે પ્રદ્યોત મહાસેન અને રાણી અંગાર વતી ચિત્ર ફલક સાથે કંચુકી અને ધાત્રીને મોકલે છે ધાત્રી ઉદયન અને વાસવદત્તાની માતા અંગાર વતીનો સંદેશ આપે છે માતા અંગારવતી સંદેશામાં ઉદયનને જણાવે છે કે, 'અમે તમારી ગેરહાજરીમાં તમારા અને વાસવદત્તાના ચિત્રો, ચિત્રફલક ઉપર ચિતરાવીને તમારો લગ્ન વિધિ ઉજવ્યો હતો વાસવદતાના અવસાન પછી આ ચિત્રફલકના દર્શનથી તમે શાંતિ અનુભવો એ ઉદ્દેશ્યથી આ ચિત્ર ફલક મોકલ્યું છે' રાજા ઉદયન પ્રસન્ન ચિત્તે આ ચિત્રફલક સ્વીકારે છે.

આ સમયે પદ્માવતી ચિત્રમાં રહેલા વાસવદત્તાને પ્રણામ કરવાની ઈચ્છા અભિવ્યક્ત કરે છે પદ્માવતી આ ચિત્ર ફલક જોતા જ વાસવદત્તાની છબી આર્ય અવંતિકા જેવી છે એમ વિચારે છે તે રાજા ને પૂછે છે કે આ છબી વાસવદત્તા જેવી છે કે નહીં! ઉદયન જવાબ આપે છે કે હું માનું છું કે આ વાસવદત્તા જ છે તેથી પદ્માવતી રાજા ઉદયને કહે છે કે આ ચિત્રફલકમાં છે તેવી જ એક સ્ત્રી અહીં રહે છે ઉદયન તે સ્ત્રીને ત્યાં લાવવાનું કહે છે પરંતુ પદ્માવતી કહે છે તે એક બ્રાહ્મણની બહેન છે અને થાપણ તરીકે અહીં રાખેલ છે આ ચિત્રફલકના માધ્યમથી વાસવદત્તાનું પ્રગટીકરણ થાય છે.

આમ આ નાટકમાં વાસવદતાની ક્રમિક ઓળખાણ માટે ઘોષવતી વીણાએ પ્રથમ પગથિયું છે પદ્માવતી અને ઉદયનના લગ્ન પછી વાસવદદતા ની યાદ તાજી કરાવવામાં ઘોષવતી વીણા અગત્યનો ભાગ ભજવે છે ઘોષવતી વીણા પુનઃ પ્રાપ્ત થતા ઉદયનનું ચિત્ત વાસવદતા તરફ ખેંચાય છે અને ઘોષવતી વિણાની જેમ વાસવદતા પુનઃ પ્રાપ્ત થશે તેવી આશા બંધાય છે.

આ ઉપરાંત ચિત્રફલક પ્રસંગ દ્વારા પણ ઉદયનના મનમાં વાસવદતાની યાદ તાજી થાય છે. પદ્માવતીનો પ્રવેશ અને ચિત્રફલક જોવાની તેની ઈચ્છા એ ત્રીજું પગથિયું છે. ચિત્ર ફલક જોતાં જ પદ્માવતીને જ્ઞાત થાય છે કે ચિત્રમાં જેવી જ સ્ત્રી અહીં રહે છે આ ક્રમિક ઓળખાણ માટે ઘોષવતી વીણા અને ચિત્ર ફલક એ બંને ખૂબ જ મહત્ત્વની કડીઓ બની રહે છે અવંતિકા બ્રાહ્મણની બહેન હોવાથી અવંતિકાનો પ્રવેશ અટકી જાય છે પરંતુ યોગંદરાયણના આગમન લીધે આવંતિકાનો પ્રવેશ અનિવાર્ય થઈ પડે છે.

આ ઉપરાંત ભાસના મહાભારત આધારિત નાટકો જેમ કે 'કર્ણભારમ 'અને અને 'ઉરુભંગમ' નાટકોમાં ધનુરવિદ્યા અને ગદાવિદ્યાનો ઉલ્લેખ છે મહાભારતના સમગ્ર યુદ્ધ દરમિયાન મોટા મોટા મહારથીઓ જેમ કે કર્ણ, અશ્વથામા, અર્જુન,

દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરે માટે પણ આ ધનુરવિદ્યા ખૂબ જ ઉપયોગી થઈ પડે છે આ ધનુરવિદ્યા અને ગદાયુદ્ધ વિદ્યા મહાભારતના યુદ્ધનું પરિણામ નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સંદર્ભ સૂચિ**

૧. ભાસ નાટક ચક્ર
૨. સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, બલદેવ ઉપાધ્યાય
૩. શબ્દરત્નમહોદધી